ડીસાના રાણપુર ગામે મગરમચ્છ દેખાતા ભય

બાયડમાં આધારકાર્ડ એજન્સીની દાદાગીરી

મોડાસા, તા. ૯

બાયડમાં આધારકાર્ડની કામગીરીને લઈ તાલુકાભરમાં નારાજગી જોવા મળી રહી છે. સોમવાર સવારે આધારકાર્ડની કામગીરી કરતી એજન્સીના માણસો ઓફિસ બંધ કરીને પલાયન થઈ જતાં કાર્ડ કઢાવવા આવેલા લોકોને ધક્કો ખાવાનો વારો આવતાં રોષ ફાટી નીકળ્યો હતો અને સૂત્રોચ્ચાર કરતાં હોબાળો મચી ગયો હતો.

બાયડમાં મંથરગતિ અને અનિયમિત રીતે ચાલતી આધારકાર્ડની કામગીરી સામે લોકોમાં અનેક ફરિયાદો છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં લેવાતાં નથી. જેના કારણે ગ્રામીણ વિસ્તારના લોકોને વારંવાર ધક્કા ખાવા પડતા હોવાની બૂમરાણ ઉઠી છે. તાલુકા ભરમાંથી લોકો આવી

મોડી સાંજ સુધી આધારકાર્ડ કઢાવવા માટે લાઈનમાં ઉભા રહેવા છતાં કાર્ડ સમયસર મળતું નથી. એજન્સીની મનમાનીને લઈ લોકો તોબાહ પોકારી ઉઠ્યા છે. સોમવારે સવારે આધારકાર્ડના કર્મચારીઓ ઓફિસ ઉપર આવી થોડી વાર બેસી કચેરી બંધ કરી પલાયન થઈ જતાં મોટી સંખ્યામાં લોકો હેરાન થઈ ગયા હતા. કચેરી બંધ કરી જતાં રહેવાને લઈ આવેલા લોકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. જોતજોતામાં ટોળાએ કચેરી ખુલતાં સૂત્રોચ્ચાર શરૂ કરતાં વાતાવરણ ગરમાઈ ગયું હતું. આધારકાર્ડ કઢાવવા આવેલા લોકોએ જણાવ્યું કે, અમે સૌ સવારથી દિવસ બગાડી તાલુકાના અંતરિયાળ ગામોમાંથી ભાડા ખર્ચી આવ્યા હતા. કચેરી બંધ કરી દઈ આધારકાર્ડવાળા જતા રહેતા આખો દિવસ માથે પડવા સાથે ભાડા પણ માથે પડ્યા છે. આથી પ્રાંત અધિકારી દ્વારા તાલુકામાં અન્ય કચેરીઓમાં પણ આધારકાર્ડ કાઢી આપવાની વ્યવસ્થા કરાવે તેવી અમારી માંગ છે.

(સમીર બલોચ, મોડાસા)

ગાજણ ટોલ પ્લાઝા પાસે ઈનોવા કારમાંથી વિદેશી દારૂ ઝડપ્યો

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ગાજણ ગામની સીમમાં આવેલા ટોલપ્લાઝા નજીકથી ઈનાવો કારમાં સંતાડીને ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂ ૧.૩૨ લાખનો ઝડપી પાડી ત્રણ આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોડાસા તાલુકાના ગાજણ ગામની સીમમાં ગાજણ ટોલપ્લાઝા નજીક મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર મોડાસા રૂરલ પોલીસે ૧.૩૨ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો.

ભિલોડામાં પ્રાંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

સુનોખ, તા.૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન. આર. એ. વિદ્યાલયના મેદાનમાં મોડાસા પ્રાંત કક્ષાનો ભિલોડા, મોડાસા, મેઘરજ તાલુકાના ગરીબ લાભાર્થીઓ માટેનો ગરીબ કલ્યાણ મેળો-૨૦૧૫-ગુજરાત રાજ્ય ગૃહ મંત્રી રજનીકાંતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે નીરવભાઈ ભરડીયા, મધુકાંતભાઈ શાહ, વિકાસભાઈ રાજગોર, અરવલ્લી જીલ્લા કલેક્ટર, અરવલ્લી જીલ્લા ડી.એસ.પી. મયુરભાઈ ચાવડા, અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ નેહાબેન પટેલ, અરવલ્લી જીલ્લા ભાજપ પ્રમુખ ભરતસિંહ રહેવર, મોડાસા પ્રાંત અધિકારી, ભિલોડા

મામલતદાર રાજુભાઈ પટેલ, ભિલોડા ટી.ડી.ઓ. રાકેશભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ભિલોડા, મોડાસા, મેઘરજ તાલુકાના ૨૧૦૪ લાભાર્થીઓને રૂા. ૨૦૪.૭૧ લાખ ની વિવિધ યોજનાઓ અતર્ગત સહાયના ચેકો અને કીટો અર્પણ કરાઈ હતી.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અગ્રણી કાંતીલાલ પટેલ, ભવાનભાઈ તરાર, અમરતલાલ બરંડા, ગજાનંદભાઈ પ્રજાપતી, હિતેન્દ્રસિંહ સિસોદીયા, રણવીરસિંહ ડાભી, વિષ્ણુકુંવરબા લાલસિંહજી ચૌહાણ, ભીખાભાઈ પટેલ, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, ખોડંબા ગ્રામ પંચાયત સરપંચ ગીરીશભાઈ પટેલ, બિપીનભાઈ પટેલ, કમલેશકુમાર મહેતા, ભુપેન્દ્રભાઈ પંડ્યા સહિત અગ્રણીઓ, લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

(તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા)



અરવલ્લીની ગીરીમાળાએ લીલીછમ ચાદર ઓઢી

સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના રાયગઢ પાસે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સતત એકધારી મેઘરાજાએ મહેર કરતાં અરવલ્લીની ગીરીમાળાઓએ જાણે ચોમાસામાં નવો શણગાર સજતાં કુદરતી નજારો નયનરમ્ય બન્યો છે. અરવલ્લીના ડુંગરો પરથી કલકલના કર્ણપ્રિય નાદ સાથે ઝરણાં વહેતા થતા અદભૂત દેશ્યોનું સર્જન થતાં પ્રકૃતિપ્રેમીઓ અને રાયગઢ પંથકના પ્રજાજનોમાં પર્યટક સ્થળ બની રહેતા લોકો પ્રકૃતિનો આનંદ મેળવવા અરવલ્લીની ગીરીમાળાઓમાં ઉમટી પડે છે.

(તસવીર : જય અમીન)

ભિલોડાના ગરીબ કલ્યાણ મેળામાં કોંગ્રેસનો વિરોધ પ્રદર્શન

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં મોડાસા પ્રાંત કક્ષાનો ભિલોડા, મોડાસા, મેઘરજ તાલુકાના ગરીબ લાભાર્થીઓ માટેનો ગરીબ કલ્યાણ મેળાના કાર્યક્રમ સંદર્ભે ભિલોડા તાલુકા કોંગ્રેસ અગ્રણીઓ, હોદ્દેદારો અને કાર્યકરો ધ્વારા વિરોધ પ્રદર્શનન અને રેલીનો કાર્યક્રમ યોજાયો હતો. કોંગ્રેસ અગ્રણીઓએ જણાવ્યું હતું કે ભાજપ સરકાર ધ્વારા ખોટા તાયફા કરવામાં આવેછે. આ તો ગરીબોના કલ્યાણ મેળા નથી? અમીરોના કલ્યાણ મેળા હોય તેમ લોકમુખે ચર્ચાય છે. ગુજરાત સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચારો પોકાર્યો હતા.હાય રે.... ભાજપ હાય... ખોટા તાયફા બંધ કરો... કોંગ્રેસ ઝીંદાબાદ...ના સુત્રોચ્ચારો પોકાર્યા હતા.

ભિલોડા કોંગ્રેસ ધારાસભ્ય ડૉ. અનિલભાઈ જોષીયારા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી મંત્રી પરમાર, ફજલભાઈ મેમણ, વનરાજસિંહ રાઠોડ, અરવલ્લી

જીલ્લાના ભિલોડા કોંગ્રેસ અગ્રણી રાજેન્દ્રભાઈ પારઘી, ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતી પ્રમુખ બલભદ્રસિંહ ચંપાવત, શાંમળભાઈ ભાંભી, મુકેશભાઈ પટેલ, કાંતીલાલ ખરાડી, ભરતભાઈ ત્રિવેદી, બાબુલાલ જીતુભાઈ બરંડા, કંદર્પભાઈ પટેલ સહિત અંદાજીત ૫૦ થી વધુ કાર્યકરો, હોદ્દેદારોની પોલીસે અટકાયત કરી ધરપકડ કર્યા બાદ આજે બપોરે ૧૨ વાગ્યાના સુમારે છોડી દીધા હતા.

(તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા)

મોડાસાના ગાજણ ગામે પાડાની થતી અનોખી પૂજા

મોડાસા, તા. ૯

દેશ અને દુનિયામાં તમે એવા મંદિરો જોયા હશે કે જ્યાં દેવી દેવતાની પૂજા થાય પણ અમે તમને એવું મંદિર બતાવીશુ કે જ્યાં પાડાની પૂજા થાય છે. વાત છે અવલ્લી જિલ્લાના મોડાસા નજીક આવેલા ગાજણ ગામની અહિંયા ગાજેશ્વરી માતાનું મંદિર આવેલું છે. આ મંદિરનો મહિમા જ કંઈક અલગ છે. અહિંયા શ્રદ્ધાળુઓ પોતાની અલગ અલગ પ્રકારની

માનતાઓ રાખે છે અને એ માનતા પુરી થઈ ગયા બાદ મંદિરે આવી પાડાની પૂજા કરી પાડો રમતો મુકે છે. અરવલ્લી જિલ્લાના મોડાસા નજીક આવેલા ગાજણ ગામે વર્ષો જુનું પૌરાણિક મંદિર એવું ગાજેશ્વરી માતાજીનું મંદિર આવેલું છે. આ મંદિરે દર રવિવારે, મંગળવારે તેમજ પૂનમના દિવસે હજારોની સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડે છે. અને પોતે રાખેલી માનતા પુરી થયા બાદ મંદિરે આવી પાડાની પૂજા કરી પાડો રમતો મુકે છે. આ મંદિરે ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાંથી શ્રદ્ધાળુઓ આવે છે અને નોકરીને લગતી હોય કે જે કોઈ દંપતીને સંતાન ના થતા હોય તો પોતાના ઘરે પારણું બંધાય એવી માનતા રાખે છે અને માનતાઓ પુરી થઈ ગયા પછી મંદિરે આવી પદની પૂજા કરી પાડો રમતો મુકે છે. ગાજણ ગામે આવેલી ગાજેશ્વરી માતાનો ચમત્કાર આખા ગુજરાતમાં છે ત્યારે આખા ગુજરાતમાંથી શ્રદ્ધાળુઓ આવી પોતે રાખેલી માનતાઓ પુરી કરી પાડો રમતો મુકે છે. જેથી ગામ લોકો અને આ મંદિરે આવનાર ભક્તો મન મુકીને ગાજેશ્વરી માતાજીની સેવા કરે છે જેથી જ માનતાઓ રાખી પોતાની માનતા પુરી થયા બાદ અચુકપણે અહીં આવી માનતા પુરી કરી પોતાને ધન્ય અનુભવે છે અને ગાજેશ્વરી માતાનો જય જય કાર કરે છે જેથી જ આ સમગ્ર વિસ્તારમાં ગાજેશ્વરી માતાના મંદિરની આગવી ઓળખ છે. એટલા માટે જ આ મંદિરે શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડે છે. શ્રદ્ધા હોય ત્યાં પુરાવાની જરૂર પડતી નથી જેથી જ ગાજણના ગાજેશ્વરી માતામાં લોકો અપાર શ્રદ્ધા ધરાવે છે અને પોતે રાખેલી માનતા પુરી થયા બાદ પાડાની પૂજા કરી પાડો અહીં રમતો મુકે છે.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

પૃથ્વીપુરા ગામે બે બાઈકમાંથી ૧૩ હજારનો વિદેશી દારૂ ઝડપાયો

ઈસરી, તા.૯

મેઘરજ તાલુકાના પૃથ્વીપુરા ગામ તરફ જઈ રહેલી મોટર સાયકલને પોલીસે આંતરતા વિદેશી દારૂ અને બિયરની બોટલો મળી ૧૩ હજારનો મુદ્દામાલ પોલીસે ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મેઘરજથી પૃથ્વીપુરા ગામ તરફ વિદેશી દારૂ ભરેલી મોટર સાયકલ પસાર થવાની છે તેવી બાતમી મેઘરજ પોલીસને મળતા પોલીસે પૃથ્વીપુરા માર્ગ પર ચાંપતો બંદોબસ્ત ગોઠવતા બે મોટરસાયકલો પુરઝડપે પસાર થઈ રહી હતી. પોલીસે આંતરતા મોટર સાયકલ સવારો પોલીસને થાપ આપી ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. મોટરસાયકલની તપાસ કરતા બિયરના ૨૪ અને વિદેશી દારૂની ૯ બોટલો ૧૩૧ બોટલો ઝડપી કુલ રૂપિયા ૧૩ હજારનો મુદ્દામાલ ઝડપી કાર્યવાહી હાથ ધરી છે.

તલોદ ખાતે પ્રાન્ત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

પ્રાંતિજ,તા. ૯

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે મંત્રી રમણભાઈ વોરાના અધ્યક્ષસ્થાને પ્રાન્ત કક્ષાનો તલોદ-પ્રાંતિજ તાલુકાનો ગરીબ કલ્યાણ મેળો યાજોયો હતો. જેમાં ગણેશભાઈ ચૌધરી, સાંસદ દિપસિંહ રાઠોડ, કલેક્ટર પી. સ્વરૂપ, પ્રાન્ત અધિકારી એ.આર. ચૌધરી, તલોદ-પ્રાંતિજ મામલતદાર સહિત ભાજપ કાર્યકરો તથા અધિકારીઓ લાભાર્થીઓ સહિત તાલુકામાંથી લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

તલોદ ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં તલોદ તાલુકાના ૩૭૬૮ લાભાર્થીઓ ને કુલ-૩૨૯૨૦૨૦૮ તથા પ્રાંતિજ તાલુકાના ૩૩૭૯ લાભાર્થીઓને કુલ

-૭૬૮૯૬૦૩ને બે તાલુકાઓમાં કુલ-૧૦૯૬૦૯૮૧૧નો લાભ ઉપસ્થિત મંત્રીઓના હસ્તે ચેક તથા કડીયાકામ, રસોઈકામ, પશુપાલન, સિલાઈમશીન વગેરે કિટો આપવામાં આવી હતી. જ્યારે કોંગ્રેસના ધારાસભ્ય સહિત કોંગ્રેસ કાર્યકરો દ્વારા તલોદ ખાતે આવેલ સાયન્સ કોલેજમાં પ્રાંતિજ-તલોદના વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષમાં કોલેજમાં પ્રવેશ ના મલતા કોંગ્રેસ દ્વારા કાળા વાવટા સાથે ગરીબ કલ્યાણ મેળાનો વિરોધ કરી મુખ્યમંત્રી વિરૂદ્ધ તથા ભાજપ વિરૂદ્ધ સૂત્રોચ્ચારો કર્યા હતા. જ્યારે પોલીસ દ્વારા પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના ધારાસભ્ય સહિત ૫૦ કાર્યકરો સહિતની અટકાયત કરી હતી.

જ્યારે ગરીબ કલ્યાણ મેળામાં કવરેજ માટે આવેલ વરીષ્ઠ અને પીઢ પત્રકારે આઈકાર્ડ બતાવ્યા છતાં ખાખી વર્દીનો રોફ બતાવી મીડીયા સામે ઉદ્ધત વર્તન કરતાં પત્રકારોએ પોલીસ સામે રોષ વ્યક્ત કર્યો હતો.

(દશરથ વણઝારા, તલોદ)

કોલ્હાપુર મિલ્ક યુનિયનનું મંડળ બનાસડેરીની મુલાકાતે

મહારાષ્ટ્ર સ્થિત કોલ્હાપુર મિલ્ક યુનિયનના નિયામક મંડળે બનાસડેરીની મુલાકાત લીધી હતી. મંડળે ડેરીના અભુતપૂર્વ વિકાસ અંગે ઊંડાણપૂર્વક માહિતી લીધી હતી. ડેરીની મુલાકાત દરમિયાન કોલ્હાપુર મિલ્ક યુનિયનના નિયામક મંડળને બનાસ ડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળે આવકારી ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતુ. બનાસ ડેરીની વિવિધ કલ્યાણકારી પ્રવૃત્તિઓ તથા વિકાસની વિગતો દર્શાવતી ડોક્યુમેન્ટરી બતાવવામાં આવી હતી. બનાસ ડેરીના ટોચના અધિકારીઓ સાથે છેલ્લા દોઢ દાયકામાં થયેલ ડેરીનો અભુતપૂર્વ વિકાસ અંગે ઊંડાણપૂર્વક પરામર્શ કર્યો હતો.

ડીસાના રાણપુર ગામે મગરમચ્છ દેખાતા ભય

ડીસા, તા. ૯

તાજેતરમાં ભારે વરસાદ બાદ બનાસકાંઠાના દાંતીવાડા ડેમના ૧૧ દરવાજા ખોલ્યા હતા અને ડેમનું પાણી બનાસ નદીમાં વહેતું કરાયું હતું. જો કે સુકી ભટ્ટ નદીમાં પાણી સાથે ડેમમાંથી કેટલાક જળચર પ્રાણી પણ નદીમાં તણાઈ આવ્યા હતા. જેમાં આજે ડીસા તાલુકાના રાણપુર ગામે એક મગર ઘુસી આવતા અફરાતફરી ફેલાઈ હતી. જેને હાલ વન વિભાગે રેસ્કયુ હાથ ધરી ઝડપવા મથામણ હાથ ધરી હતી અને કલાકો બાદની જહેમતે આ મગર જીવીત ઝડપાયો હતો.

બનાસકાંઠાના ડીસા તાલુકામાં આવેલા રાણપુર ઉગમણા વાસમાં આજે બપોરના સમયે એક મગરમચ્છ નદી પટમાંથી ગામમાં ઘુસી આવતા દોડધામ મચી હતી અને ગામલોકોએ આ ઘટનાની

સરપંચને જાણ કરતા આ મગરમચ્છ પકડવા વન વિભાગના આરએફઓ નાગોરી અને ટીમ દોડી આવી હતી. જો કે આ મગર સુકા ઘાસના એક ખડકલામાં છુપાઈ જતા તેને ઝડપવા વન વિભાગ ટીમે મથામણ હાથ ધરી હતી. જો કે મગર પોતાનું બિહામણું ઝડબુ ખોલી દેખા દેતા સ્થાનિકોમાં આ મગરનો ભારે ભય ફેલાયો હતો. આ મગર નદીમાં છોડાયેલા પાણીમાં વહી અહીં આવ્યો હોવાનું સ્થાનિકોનું માનવું છે. જેથી તેને ઝડપી પાડી ડેમમાં પુનઃ છોડી દેવા વન વિભાગે કવાયત હાથ ધરી હતી. જો કે ગામમાં આ મગરથી ભય ફેલાયો હતો. જેમાં ચાર કલાકના રેસ્કયુ ઓપરેશન બાદ રેંજ ફોરેસ્ટ ઓફિસર એલ.આઈ. નાગોરીની ટીમે તેને ઝડપી પાડ્યો હતો. જેમાં કલાકોની મહેનત રંગ લાવી હતી અને ફોરેસ્ટવિભાગે સુરક્ષિત રીતે રેસ્કયુ ઓપરેશને આ છ ફૂટ લાંબા અને યુવા મગરને ઝડપી તેના મોઢા પર દોરડું બાંધી આંખે પાટા લગાવી તેમજ મગર પોતાની પૂંછથી કોઈને ઈજા ન પહોંચાડે તે માટે તેની પૂંછ પણ બાંધી તેને કબજે કર્યો હતો અને હવે ઉપરી અધિકારીની સુચના મુજબ આ મગરને પુનઃ પાણીમાં છોડી દેવાશે તેવું ફોરેસ્ટ અધિકારી નાગોરીએ જણાવ્યું હતું.

(કાંતિલાલ લોધા, ડીસા)

ખેડબ્રહ્માની રામજીબાપા શાળામાં ગુરૂપૂર્ણિમા પર્વ ઉજવાયું

સંતશ્રી રામજીબાપા કચ્છ કડવા પાટીદાર કન્યા વિદ્યાલયમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂજનોનું ચંદન, અક્ષત અને પુષ્પથી પૂજન કરવામાં આવ્યું હતું. ગુરૂ-શિષ્યાના સંબંધોની અનોખી ઝલકની રજૂઆત થઈ તેમજ મહેમાન તરીકે પધારેલ બ્રહ્મકુમારી વંદનીય જ્યોતિબેને ગુરૂ-શિષ્યો અને કન્યાઓની કેળવણી વિશે ખૂબ સરસ મીઠી વાણીમાં વાત કરી. શાળા પરિવાર વતી સવિતાબેને ગુરૂપૂર્ણિમા વિશે વાત કરી. આમ ખૂબ જ સરસ ભાવભર્યા વાતાવરણમાં ઉત્સવની ઉજવણી બદલ આચાર્યા જસ્મિનાબેને અભિનંદન પાઠવ્યા હતા.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

મહેસાણા જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાના આઠમાં તબક્કાનો ખેરાલુથી પ્રારંભ

મહેસાણા, તા. ૯

જળ સંપત્તી વિભાગના સંસદીય સચિવશ્રી ભરતસિંહ ડાભીએ આજે મહેસાણા જિલ્લાના ખેરાલુ ખાતે મહેસાણા જિલ્લાના આઠમા તબક્કાના ગરીબ કલ્યાણ મેળાનો -નરંભ કરાવ્યો હતો. અને જણાવ્યું હતું કે, ગરીબ કલ્યાણ મેળાનો આશય વચોટીયાઓને દુર કરી ગરીબોના હક્કની આર્થીક સહાય ગરીબોને આપવાનો છે. ઓશીયાળા નહી, સ્વનિર્ભર બનાવવાનો અને સ્વમાનભેર જીંદગી જીવતા કરવાનો છે. મહેસાણા જિલ્લાના યોજાયેલ આઠમાં તબક્કાના -થમ ગરીબ કલ્યાણ મેળામાં સતલાસણા, વડનગર, ખેરાલુંના ૧૫૦૦૦ લાભાર્થીઓને રૂપિયા ૮૮૪ લાખની સાધન સહાયનું વિતરણ કર્યુ હતું.

વર્તમાન સરકાર જે કાંઇ આપે છે. તે ગરીબોને મળવાપાત્ર અને તેમનાં હક્કનુ છે. તે તેમને મળવું જ જોઇએ. તેમ અમો સરકાર માનીએ છીએ. જયારે અગાઉની સરકારમાં ગરીબોને માટે જે રકમ ફાળવવામાં આવતી હતી તેમાંની મોટા ભાગની રકમ વચોટીયાઓ ખાઇ જતા હતા, અને ગરીબ ગરીબ જ રહેતો હતો. જયારે વર્તમાન સરકાર ગરીબ કલ્યાણ મેળાના માધ્યમ થકી ગરીબોના દ્વારે જઇને તેમને તેમનાં

લાભો અને સહાય આપે છે.

ગતીશીલ ગુજરાતના -ણેતા મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલે હમેંશા ગરીબોનીજ ચિંતા કરી છે. એવી લાગણી વ્યક્ત કરતા જિલ્લા પંચાયત -મુખશ્રી જયંતીભાઇ પટેલે જણાવ્યું, ગરીબ કલ્યાણ મેળામાં ગરીબોને ગરીબી સામે લડવાનું અને સ્વનિર્ભર બનાવી સ્વમાનભેર જીવવા માટેનું સામર્થ્ય પુરુ પાડવામાં આવે છે. સરકારની વિવિધ યોજનાકીય માહિતીની જાણકારી ગરીબ કલ્યાણ મેળામાં આપવામાં આવે છે. રાજય સરકાર દ્વારા વિનામુલ્યે અપાતી વિવિધ આરોગ્ય, શિક્ષણલક્ષી સેવાઓનો લાભ લેવા આવે તે માટે ઉપસ્થિત સૌ કોઇને અનુરોધ કર્યો હતો.

ગુજરાત સાહિત્ય અકાદમીના ચેરમેન શ્રી ભાગ્યેશ ભાઇ ઝહાએ જણાવ્યું હતું કે, ગરીબ કલ્યાણ મેળાએ એક વિકાસનો ઉત્સવ છે. જેને આપણે સૌએ સૌનો સાથ સૌનો વિકાસના સુત્ર દ્વારા આગળ વધારવાનો છે.